**વિશ્વ જમીન દિવસ અંગેના ઉદઘાટન સમારોહના આયોજન માટે તા. ૧૭/૧૧/૨૦૧૫ના રોજ ૧૫.૦૦ કલાકે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં વી.સી. કોન્ફરન્સ હોલ ખાતે મળેલ મીટીંગની કાર્યવાહી નોંધ**

વિશ્વ જમીન દિવસની ઉજવણી અંગેના ઉદઘાટન સમારોહના આયોજન માટે મળેલ મીટીંગમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

| અ.નં | અધિકારી/ કર્મચારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડો એન. સી. પટેલ | માન. કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદ |
| ૨. | ડૉ. પી.પી. પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામક, આ.કૃ.યુ.,આણંદ |
| ૩. | ડૉ. કે.પી.પટેલ | આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ,બીએસીએ, આ.કૃ.યુ., આણંદ |
| ૪. | ડૉ. વી.આર.બોઘરા | સહ વિસ્તરણ શિક્ષણ નિયામક,વિ.શિ.નિ.કચેરી,આ.કૃ.યુ., આણંદ |
| ૫. | ડૉ. અરુણ પટેલ | નિયામક, ઇ.ઇ.આઇ, આ.કૃ.યુ., આણંદ |
| ૬. | ડૉ. વી.આર. ભટ્ટ | પ્રાધ્યાપક અને વડા, બીએસીએ, આ.કૃ.યુ., આણંદ |
| ૭. | ડૉ. એ.ડી.પટેલ | સંશોધન વૈજ્ઞાનિક, આર.આર.એસ,આકૃયુ, આણંદ |
| ૮. | ડૉ. એમ. એમ. ત્રિવેદી | પ્રાધ્યાપક, બીએસીએ, આ.કૃ.યુ., આણંદ |
| ૯.. | ડૉ. ડી. સી. પટેલ | પ્રાધ્યાપક પશુપોષણ વિભાગ, બીએસીએ, આ.કૃ.યુ., આણંદ |
| ૧૦.. | ડૉ. એ. જી. ભડાણીયા | પ્રાધ્યાપક અને વડા ડેરી એન્જીનીંયરીગ,બીએસીએ,આ.કૃ.યુ., આણંદ |
| ૧૧.. | ડૉ. એચ. બી. પટેલ | પ્રાધ્યાપક,વિસ્તરણ શિક્ષણ નિયામક્ની કચેરી,આ.કૃ.યુ., આણંદ |
| ૧૨. | ડૉ. બી. એસ. પટેલ | પ્રાધ્યાપક, વિ.શિ.નિ કચેરી, આ.કૃ.યુ., આણંદ |
| ૧૩ | ડૉ. એન.વી.સોની | પ્રાધ્યાપક, વિ.શિ.નિ કચેરી, આ.કૃ.યુ., આણંદ |
| ૧૪. | ડૉ. એન. એસ. પારેખ | સહ પ્રાધ્યાપક, બાગાયત વિભાગ, બીએસીએ, આ.કૃ.યુ., આણંદ |
| ૧૫. | ડૉ. જે. સી. પટેલ | સહ પ્રાધ્યાપક, બીએસીએ, આકૃયુ, આણંદ |
| ૧૬. | ડૉ. કે.સી.પટેલ | સહપ્રાધ્યાપક, બીએસીએ, આ.કૃ.યુ., આણંદ |
| ૧૭. | ડૉ. પી.કે.શર્મા, | પ્રોગ્રામ કોઓડીનેટર, કેવીકે ખેડા, આ.કૃ.યુ., |
| ૧૮. | ડૉ. બી. એમ. મહેતા | પ્રોગ્રામ કોઓડીનેટર, કેવીકે, વડોદરા |
| ૧૯. | ડૉ. જી.જી.પટેલ | પ્રોગ્રામ કોઓડીનેટર, કેવીકે, દેવાતજ |
| ૨૦. | ડૉ. કનકલતા | પ્રોગ્રામ કોઓડીનેટર, કેવીકે, પંચમહાલ |
| ૨૧ | ડૉ.એમ.એસ. જાકાસણિયા | પ્રોગ્રામ કોઓડીનેટર, કેવીકે, અરણેજ |
| ૨૨ | ડૉ. યુ. એમ. પટેલ | પ્રોગ્રામ કોઓડીનેટર, કેવીકે, દાહોદ |
| ૨૩ | ડૉ.એ.કે.રાવ | વિષય નિષ્ણાંત, કેવીકે. પંચમહાલ |
| ૨૪ | પ્રો. શિતલ ભોજાની | મદદનીશ પ્રાધ્યાપક,નિયામક આઇ.ટી કચેરી, આ.કૃ.યુ., આણંદ |
| ૨૫ | ડૉ. ડી. ડી. પટેલ | ટેકનીકલ ઓફીસર ટુ વાઇસ ચાન્સેલર, આ.કૃ.યુ., આણંદ |
| ૨૬. | ડૉ. આકાશ યુ. મિશ્રા | વિષય નિષ્ણાંત, કેવીકે. દેવાતજ |
| ૨૭. | અર્પિતા શર્મા | મદદનીશ પ્રાધ્યાપક, વિ.શિ.નિ. કચેરી, આ.કૃ.યુ., આણંદ |
| ૨૮ | જે. ડી. દેસાઇ | સિનીયર રીસર્ચ આસીસ્ટન્ટ, વિ.શિ.નિ કચેરી, આ.કૃ.યુ., આણંદ |

બેઠકની શરૂઆતમાં ડૉ. પી.પી.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકે હાજર રહેલ સભ્યોને આવકારી જણાવ્યુ કે ઈન્ટરનેશનલ યર ઓફ સોઈલ અંતર્ગત વિશ્વ જમીન દિવસ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદે ઉજવવાનુ નક્કી કરેલ છે,

**Healthy Soils for a Healthy Life**

જેમાં ૫૦૦ જેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવાનું છે. વધુમાં આ દિવસે મહાનુભાવો પણ પધારવાના હોઈ તેના આયોજન અંગે બેઠકનો હેતુ સમજાવ્યો હતો. ત્યાર બાદ આ પ્રસંગને અનુરૂપ કામચલાઉ વિવિધ કમીટીઓની રચના વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલ જેનુ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવેલ અને ચર્ચાના અંતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ.

૧. ખેડૂતો લાવવાની જવાબદારી દરેક કેવીકેના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટરને સોપવામાં આવી અને તે પ્રમાણે કેવીકે દેવાતજને – ૨૫૦ ખેડૂતો, કેવીકે વડોદરાને ૫૦ ખેડૂતો, કેવીકે દેથલીને ૫૦ ખેડૂતો, કેવીકે અમદાવાદને ૧૦૦ ખેડૂતો, કેવીકે દાહોદને ૧૦૦ અને કેવીકે વેજલપુરને જેટલા શક્ય બને તેટલા ખેડૂતોને તેમની કક્ષાએથી વ્યવસ્થા કરી લાવવાનું નક્કી કરવામાં આવ્યું.

(અમલ : પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર, કેવીકે દેવાતજ, વડોદરા, દેથલી, અમદાવાદ, દાહોદ, વેજલપુર)

૨. પ્રિન્ટેડ સોઈલ હેલ્થ કાર્ડમાં નીચેના ભાગની જગ્યામાં ડાબી બાજુએ આણંદ કૃષિ યુનિવર્સિટીનો અને જમણી બાજુએ આઈસીએઆર નો લોગો મુકવો વચ્ચેની જગ્યામાં "વર્લ્ડ સોઈલ ડે" અને "હેલ્ધી સોઈલ ફોર એ હેલ્ધી લાઈફ" સ્લોગન મુકવું તેમજ ગુજરાત સરકારશ્રીના સોઈલ હેલ્થ કાર્ડના ફોર્મેટ મુજબ જ સોઈલ હેલ્થ કાર્ડનુ ફોર્મેટ રાખવું. (અમલ : નિયામકશ્રી, આઈ.ટી)

૩. વિશ્વ જમીન દિવસની ઉજવણીનો સમારોહ બાબતના ૩ બેનર્સ અનુકૂળ સાઈઝ પ્રમાણે બનાવી અને ડીસ્પલે કરવા. (અમલ : પ્રાધ્યાપક અને વડા, જમીન વિજ્ઞાન, બીએસીએ)

૪. માન. કૃષિમંત્રી અને માન. કુલપતિશ્રી માટે પ્રસંગોચિત્ત વિષયના મુદ્દાને આવરી લેતી સ્પીચ તૈયાર કરવી અને ડો. કે.પી.પટેલ આચાર્ય અને ડીનશ્રી પાસે એપ્રુવ કરાવવી.

(અમલ : પ્રાધ્યાપકશ્રી જમીન વિજ્ઞાન અને પ્રાધ્યાપકશ્રી એગ્રોનોમી, બીએસીએ)

૫. જે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ મહાનુભાવોના હસ્તે આપવાના છે તેઓ માટે ઓડીટોરીયમ હોલમાં યોગ્ય હરોળમાં ક્રમાનુસર બેઠક વ્યવસ્થા કરવી. (અમલ : સીટીંગ એરેજમેન્ટ કમીટી)

૬. ખેડૂતો તથા યુનિવર્સિટીના અધિકારીઓને જમણવાર વ્યવસ્થા ત્રિભોવન છાત્રાલય ખાતે અને મહાનુભાવો માટે યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ ખાતે રાખવી. (અમલ : ફૂડ કમીટી)

૭. પ્રસંગના દિવસે યુનિવર્સિટી ભવનથી ઓડીટોરીયમ હોલ, બીએસીએ સુધી રસ્તાની બંન્ને બાજુ ફલેગ લગાવવા તથા કેમ્પસનું બ્યુટીફીકેશન કરવું. (અમલ : કેમ્પસ બ્યુટીફીકેશન કમીટી)

અંતે માન. કુલપતિશ્રીએ સૂચન કર્યુ કે કમીટીના જે સભ્યો રજા અથવા પ્રવાસમાં હોય તો તેના બદલે તેના પછીના ઈન્ચાર્જે જે તે સોપેલી જવાબદારી સંભાળવાની રહેશે.

અંતે સર્વ સભ્યોનો આભાર માની બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

૧૯/૧૧/૧૫

વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં.આકૃયુ/વિશિનિ/વિશ્વ જમીન દિવસ/૩૩૭૦-૯૭/૨૦૧૫

તા. ૧૯/૧૧/૨૦૧૫

નકલ સવિનય રવાના:

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવ, આકૃયુ,આણંદ

૨. નિયામકશ્રી, આઇ.ટી તરફ કાર્યવાહી નોંધ સર્ક્યુલર વિભાગમા અપલોડ કરવા સારૂ

૩. કાર્યનોંધમાં દર્શાવેલ તમામ અધિકારી/કર્મચારી તથા વિવિધ કમિટીઓ તરફ જરૂરી જરુરી કાર્યવાહી સારૂ